For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




માંડવી-ગેંડીગેટ રોડ ઉપર પરંપરાગત પતંગ બજારમાં મોડી સાંજે હરાજીમાં કીડીયારું ઉભરાયું

# આજે-કાલે બરોડીયનો ધાબે: 'કાપ્યો છે'ની ચિચિયારીથી આકાશ ગૂંજશે

**ભાવમાં** 25 થી 30 ટકાનો વધારો છતાં ઘરાકી નીકળતા વેપારીઓ ગેલમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વર્ષ-2026ના પ્રથમ અદકેરા ઉત્સવ ઉત્તરાયણ પર્વના પૂર્વ દિવસે વડોદરાના માંડવી-ગેંડીગેટ રોડ ઉપર પરંપરાગત રીતે પતંગોની હરાજી થઈ હતી. મોડી સાંજથી શરૂ થયેલી પતંગોની હરાજીમાં શહેરના ખૂણેખૂણામાંથી પતંગ રસીયાઓ ઉમટી પડ્યા હતા. પતંગોના વેપારીઓએ પતંગોનો સ્ટોક ખાલી કરવા માટે પતંગોના ભાવમાં 15 થી 20 ટકાનો ઘટાડો કરી દીધો હતો. રૂપિયા 100 માં મળતી કોડી પતંગો રૂપિયા 80 માં વેચાણ કરી દીધી હતી. માંડવી વિસ્તાર પીપોડાઓના અવાજથી ગુંજી ઉઠ્યો હતો.

ઉત્સવપ્રિય નગરી વડોદરામાં નાના બાળકોથી અબાલવૃધ્ધોના સૌથી પ્રિય ઉત્તરાયણના પર્વને અપાર ઉત્સાહ સાથે મનાવવા માટે પતંગ રસીયાઓ દ્વારા મોડી રાત સુધી પતંગો, દોરી, પીપુડા, ટોપી, ગોગલ્સ, પતંગ ચોંટાડવાની પટ્ટી સહિતની ચીજવસ્તુઓ ખરીદવા માટે



બજારોમાં ઉમટી પડ્યા હતા. જેમ દિવસ પસાર થતો હતો તેમ પતંગ બજારો પતંગ રસીયાઓનો ધસારો વધી રહ્યો હતો. સાંજ સુધીમાં ચાર દરવાજા વિસ્તારમાં માનવ કિડીયારું ઉભરાયું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. ચાર દરવાજા વિસ્તારમાં માંડવીથી ગેંડીગેટ રોડ ઉપરના સૌથી જુના પતંગ બજારમાં શહેરના ખૂણેખૂણામાંથી પતંગ રસીયાઓ પતંગો સહિત વિવિધ ચિજવસ્તુઓ ખરીદવા માટે ઉમટી પડ્યા હતા. ચાર દરવાજા વિસ્તારના માર્ગો ઉપર સીઝનલ પતંગોનો વ્યવસાય કરતા વેપારીઓ પતંગો વેચવા માટે પથારા નાંખીને બેસી ગયા હતા. તે સાથે ઉત્તરાયણના ઉત્સાહમાં વધારો કરતા પીપુડા, લાઈટીંગ ચશ્મા, ટોપી, ગોગલ્સ સહિતની ચિજવસ્તુઓ વેચનારાઓએ પણ જમાવટ કરી દીધી હતી. પ્રતિ વર્ષે ઉત્તરાયણના પૂર્વ દિવસે માંડવી-ગેંડીગેટ રોડ ઉપર પતંગોની હરાજી થતી હોવાથી શહેર પોલીસ તંત્ર દ્વારા બપોર બાદ ચાર દરવાજા વિસ્તારમાં વાહનો માટે પ્રવેશ બંધી કરી દીધી હતી. અને વાહનોને બીજા રસ્તા ઉપર ડાયવર્ટ કર્યા હતા. પતંગ રસીયાઓ પોતાના વાહનો ચાર દરવાજાની બહાર પોતાના વાહનો પાર્ક કરીને હરાજી બજારમાં પહોંચ્યા હતા. ચાર દરવાજા વિસ્તારની નજીકમાં રહેતા લોકો ચાલતા પતંગોની હરાજીમાં ભાગ લેવા માટે ઉમટી પડ્યા હતા. માંડવી-ગેંડીગેટ રોડ સહિત ચાર દરવાજા વિસ્તાર પતંગ રસીયાઓની કિલીકારીયો, જય શ્રી રામના નાદ અને પીપુડાના નાદથી ગુંજી ઉઠ્યો હતો. હરાજી દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે શહેર પોલીસ તંત્ર દ્વારા ચાર દરવાજા વિસ્તાર તેમજ આસપાસમાં આવેલા સંવદેનશિલ વિસ્તારોમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

## મકરસંક્રાંતિના પર્વે સયાજી હોસ્પિટલ સજ્જ, સ્ટાફ ફરજ પર હાજર રહેશે

બુધવારે સમગ્ર વડોદરા શહેર મકરસંક્રાંતિ (ઉતરાયણ) ના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરશે, ત્યારે નગરજનોના આરોગ્ય અને કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે શહેરની સૌથી મોટી સયાજી હોસ્પિટલ (SSG) સંપૂર્ણપણે સજ્જ છે. હોસ્પિટલના આર.એમ.ઓ. (RMO) ડો. હિતેન્દ્ર ચૌહાણે માહિતી આપતા જણાવ્યું હતું કે, તહેવારના દિવસે પણ દર્દીઓની સુવિધા માટે હોસ્પિટલનો તમામ સ્ટાફ ખડેપગે રહેશે. હોસ્પિટલના તમામ તબીબો, નર્સિંગ સ્ટાફ અને અન્ય કર્મચારીઓ પોતાની ફરજ પર હાજર રહેશે. તહેવાર હોવા છતાં, 14 તારીખના રોજ દર્દીઓની સુવિધા માટે OPD બપોર સુધી ચાલુ રાખવામાં આવશે. જ્યારે બીજા દિવસે 15 તારીખના રોજ રાબેતા મુજબ સેવા ચાલુ રહેશે. ઉતરાયણ દરમિયાન દોરીથી કપાવવા અથવા અગાસી પરથી પડી જવા જેવા અકસ્માતોની શક્યતાને જોતા, તાત્કાલિક સારવાર (Emergency Department) વિભાગને એલર્ટ પર રાખવામાં આવ્યો છે.

## રાશિ ફળ: કોના માટે સંક્રાંતિ કેવી રહેશે?

**સાવધાન રહેવું:** કુંભ, મીન, મેષ અને સિંહ રાશિના જાતકોએ આ સમયે સાવચેતી રાખવી જરૂરી છે.
**શુભ ફળ:** વૃષભ, કર્ક, કન્યા અને વૃશ્ચિક રાશિના જાતકો માટે આ પરિવર્તન ભાગ્યશાળી અને શુભ સાબિત થશે.
**મિશ્ર ફળ:** બાકીની અન્ય રાશિઓ માટે આ સમય મધ્યમ એટલે કે મિત્ર ફળ પ્રાપ્ત કરાવનારો રહેશે.

## શું દાન કરશો? ઉત્તરાયણના વિશેષ ઉપાયો

**ગાયો માટે:** લીલું ઘાસ અને ગોળનું દાન સર્વશ્રેષ્ઠ.
**શિવ પૂજા:** તાંબાના પાત્રમાં સફેદ તલ ભરી શિવાર્પણ કરવું.
**સેવા કાર્ય:** વસ્ત્ર દાન અને પતંગ-દોરાનું વિતરણ ખુશી લાવશે.
**આરોગ્ય માટે:** તલ-ગોળ ખાવાથી સ્વાસ્થ્ય સારું રહે છે.

**બપોરે 3:08 વાગ્યે સંક્રાંતિ બેસશે; ષટતિલા એકાદશીના સંયોગે તલના છ પ્રકારે મહિમા સાથે પુણ્યનું ભાથું બાંધશે શ્રદ્ધાળુઓ**

"બોલી ઓછી લાગી છે" તેમ કહી અધિકારીઓએ હાથ અધ્ધર કર્યા

# હાઉસિંગ બોર્ડની હરાજી પુરી થયા બાદ પણ દુકાનો ન સોંપાતા ગોરવામાં સંગ્રામ

**રોષે** ભરાયેલા દુકાનદારોએ 'આપ' સાથે મળી કચેરી ગજવી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા કરવામાં આવેલી દુકાનોની હરાજીનો વિવાદ હવે વકર્યો છે. હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અને નિયમ મુજબ નાણાં ભર્યા હોવા છતાં દુકાનોની ફાળવણી કરવામાં ન આવતા રોષે ભરાયેલા દુકાનદારોએ આજે આમ સામાજિક કાર્યકરના નેતૃત્વમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરી ખાતે સૂત્રોચ્ચાર કરી ભારે હોબાળો મચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગોરવા ફેઝ-૫માં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અંદાજે 49 જેટલી દુકાનોની હરાજી હાથ ધરવામાં આવી હતી.




દુકાનદારોએ સરકારની બેઝ પ્રાઈઝ મુજબ ફોર્મ ભરીને હરાજીમાં ભાગ લીધો હતો અને ફાઈનલ બીડ પણ નક્કી થઈ ગઈ હતી. જોકે, લાંબો સમય વીતી જવા છતાં તંત્ર દ્વારા દુકાનોનો કબજો સોંપવામાં આવ્યો નથી. દુકાનદારો જ્યારે રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે અધિકારીઓએ એવું કારણ આપ્યું હતું કે 'દુકાનોની બોલી ઓછી લાગી છે, તેથી ફાળવણી કરી શકાય તેમ નથી.'

આજે જ્યારે દુકાનદારો અને સામાજિક કાર્યકર વિરેન રામી ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરીએ એક્ઝિક્યુટિવ એન્જિનિયરને રજૂઆત કરવા પહોંચ્યા, ત્યારે અધિકારીઓએ સંતોષકારક જવાબ આપવાને બદલે 'અમારે ગાંધીનગર જવું પડશે' તેમ કહીને વાત ટાળી દીધી હતી. અધિકારીઓના આ વલણને કારણે વાતાવરણ વધુ ઉગ્ર બન્યું હતું અને કચેરી પરિસરમાં જ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આગેવાન વિરેન રામીએ જણાવ્યું હતું કે, "જો તંત્રને બોલી ઓછી લાગતી હતી તો તેમણે બેઝ પ્રાઈઝ ઊંચી રાખવી જોઈતી હતી. હવે જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોએ પોતાની મૂડી રોકી છે, ત્યારે અધિકારીઓ અને સરકાર ભ્રષ્ટાચારના ઈરાદે દુકાનો રોકી રહ્યા છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો આગામી દિવસોમાં આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવવામાં આવશે અને ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

દુકાનદારોની માંગ છે કે હરાજીની પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થઈ હોવાથી તેમને સત્વરે દુકાનોનો કબજો સોંપવામાં આવે, જેથી તેઓ પોતાનો વ્યવસાય શરૂ કરી શકે.

વડોદરા મહાનગર પાલિકાની રિવ્યુ બેઠકમાં લેવાયો મહત્વનો નિર્ણય

# શહેરના રસ્તાઓ પર હવે દોડશે 'પોડ ટેક્સી': ટ્રાફિક અને પ્રદૂષણ મુક્તિ માટે પાલિકાનો માસ્ટર પ્લાન

**30000** નવા આવાસો, 10000 મકાનોના DPR તૈયાર કરવા અને ગીચ વિસ્તારોમાં પાયલટ પ્રોજેક્ટ માટે સર્વે શરૂ કરવા કમિશનરની સૂચના

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે રિવ્યુ બેઠકમાં વિકાસલક્ષી કામો, નાગરિકોની સુવિધાઓ અને ભવિષ્યના પ્રોજેક્ટ્સ અંગે સઘન ચર્ચાઓ કરાઈ હતી. મ્યુનિસિપલ કમિશનરના વડપણ હેઠળ યોજાયેલી આ બેઠકમાં ખાસ કરીને સ્વચ્છતા સર્વેક્ષણ 2025-26, ટ્રાફિક વ્યવસ્થાપન અને પર્યાવરણ જાળવણી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં સ્વચ્છતા સર્વેક્ષણ 2025-26 અંતર્ગત શહેરના વોર્ડ અને રોડ વચ્ચે સ્વચ્છતાની હરીફાઈ યોજવામાં આવશે. સેનિટરી ઈન્સ્પેક્ટરોને પોતપોતાના વિસ્તારની વિઝ્યુઅલ ક્લીનલીનેસ જાળવવા તાકીદ કરાઈ છે. આ ઉપરાંત, પીવાના પાણીમાં થતું પ્રદૂષણ અટકાવવા અને રોગચાળો ફેલાતો રોકવા માટે ખાનગી હોસ્પિટલો પાસેથી ડેટા મંગાવી જે-તે વિસ્તારમાં ઝુંબેશ ચલાવવાનું નક્કી કરાયું છે. શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે પાલિકા હવે આધુનિક ટેકનોલોજી તરફ વળી રહી છે. વડોદરામાં જ મેન્યુફેક્ચરિંગ થઈ રહેલી 'પોડ ટેક્સી' નો પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવા માટે સર્વે હાથ ધરાશે. વાઘોડિયા રોડ અને જીએસએફસી જેવા ગીચ ટ્રાફિક ધરાવતા વિસ્તારોમાં આ સર્વે કરવામાં આવશે. આ સાથે જ પ્રદૂષણ ઘટાડવા માટે ઈ-વ્હીકલ અને ગ્રીન કોમ્યુનિટી પોલિસી પર પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 અંતર્ગત શહેરમાં 30000 નવા મકાનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેના પ્રથમ તબક્કામાં 10000 મકાનો માટે 12 ડીપીઆર તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. વધુમાં, પાલિકાના 1200થી વધુ ઓપન પ્લોટ્સના રક્ષણ માટે ફેન્સિંગ અને દીવાલ બનાવવાની કામગીરી પણ હાથ ધરાશે. તાજેતરમાં થયેલા અકસ્માતોને ધ્યાને રાખીને વીએમસીના ડમ્પર અને બસ ડ્રાઈવરો માટે ટ્રાફિક નિયમોના પાલન અંગે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. ડ્રાઈવરોની બેદરકારી બદલ કોન્ટ્રેક્ટ એજન્સીઓ પર દંડનીય કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે.

### અન્ય મહત્વના પ્રોજેક્ટ્સ

- » ગ્રીન વડોદરા: 'મિશન 2 મિલિયન ટ્રીઝ' અંતર્ગત શહેરમાં વૃક્ષારોપણ વધારવામાં આવશે.
- » લેક ડેવલપમેન્ટ: શહેરના અંદાજે 60 જેટલા બિન-નોટિફાઇડ તળાવોને આઇડેન્ટીફાય કરી તેને સાફ કરી લેક ફ્રન્ટ તરીકે ડેવલપ કરાશે.
- » હેરિટેજ કન્ઝર્વેશન: માંડવી ગેટ અને લાલકોટ જેવા ઐતિહાસિક સ્થાપત્યોના જાળવણી માટે હેરિટેજ કન્ઝર્વેશન પોલિસી અમલી બનાવાશે.
- » સુવિધાઓ: લેડીઝ માટે 50% પિંક ટોયલેટ્સ અને શ્રમિકો માટે 'લેબર ચોક' જેવી બેઠક વ્યવસ્થાનું આયોજન છે.

# મોતના મુખમાંથી બચ્યા: આજવા રોડ પર દેરાસરની દીવાલ પડતા બે શ્રમિકો દબાયા

**સ્થાનિકો** અને ફાયર ફાયટરોએ ભારે જહેમત બાદ બંનેને બહાર કાઢ્યા

**ઈજાગ્રસ્તોને** લોહીલુહાણ હાલતમાં 108 મારફતે હોસ્પિટલ ખસેડાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આજે એકાએક દીવાલ ધરાશાયી થવાની ઘટના બનતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આજવા રોડ પર આવેલા મહાવીર હોલની પાછળ જૈન દેરાસર પાસેની કમ્પાઉન્ડ વોલ અચાનક ધસી પડતા ત્યાં કામ કરી રહેલા બે વ્યક્તિઓ કાટમાળ નીચે દબાયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગ અને 108ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મહાવીર હોલની પાછળ આવેલા જૈન દેરાસર પાસે નિર્માણધીન અથવા જૂની કમ્પાઉન્ડ વોલ પાસે શ્રમિકો કામ કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક દીવાલનો મોટો ભાગ તૂટી પડ્યો હતો. દીવાલ પડતા જ ત્યાં હાજર બે લોકો ગંભીર રીતે દબાઈ ગયા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર સર્વિસના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કાટમાળ નીચે ફસાયેલા બંને શ્રમિકોને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા. સ્થળ પર હાજર 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હાલમાં બંનેની હાલત અંગે તબીબી તપાસ ચાલુ છે. દીવાલ કયા કારણોસર પડી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે ફાયર વિભાગ દ્વારા જેસીબી અને અન્ય સાધનોની મદદથી બાકીનો કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેથી ખાતરી કરી શકાય કે અન્ય કોઈ વ્યક્તિ દબાયેલું નથી. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

# પતંગ રસિયાઓને મોજ પડશે,પવનની ગતિ સાનુકૂળ રહેશે, તાપમાન 15 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પવન સારો રહેશે. જેથી પતંગ રસિયાઓને મોજ પડી જશે. પવનની ગતિ સાનુકૂળ રહેવાની હવામાન નિષ્ણાંતો દ્વારા આગાહી કરવામાં આવી છે. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 31.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 15 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 84 ટકા અને સાંજે 39 ટકા નોંધાયું હતું.

આગામી સાત દિવસ હવામાન શુષ્ક રહેશે. 14 જાન્યુઆરી - ઉત્તરાયણના દિવસે આજે ઉત્તર-ઉત્તર પશ્ચિમથી ઉત્તર-ઉત્તરપૂર્વ તરફના પવન ફૂંકાશે અને બુધવારે પવનની ગતિ 5 થી 15 કિમી પ્રતિકલાકની રહેશે. ઉત્તરાયણમાં પવન સારો રહેશે. પતંગરસિકો ખૂબ જ સારી રીતે ઉત્તરાયણની મજા માણી શકશે. ઉત્તરાયણમાં પતંગબાજી માટે સાનુકૂળ હવામાન રહેશે. સવારના સમયે સવારે 7 થી 11 વાગ્યા સુધી પવનની ગતિ 7થી 9 કિમી પ્રતિ કલાક રહેશે. જે પતંગ ઉડાવવા માટે ખૂબ જ સારો પવન રહેશે. આ વર્ષે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પવન સારો રહેશે. જેથી પતંગ રસિયાઓને મોજ પડી જશે. પવનની ગતિ સાનુકૂળ રહેવાની હવામાન નિષ્ણાંતો આગાહી કરી રહ્યા છે. જ્યારે , જ્યારે સવારના સમયે ધુમ્મસની આગાહી કરવામાં આવી છે. 14 જાન્યુઆરીના દિવસે સવારે પવનની ગતિ ખૂબ જ સારી રહેશે. સવારના સમયે પતંગ ચગાવવો પતંગબાજો માટે સરળ રહેશે. જોકે, બપોર અને સાંજે પવનની ગતિ ધીમી પડશે. બપોર પછી પતંગ રશિયાઓને પતંગ ચગાવવા માટે થોડી મહેનત કરવી પડશે. પવન સાથ આપશે પરંતુ પતંગબાજોએ ઠંડી સામે રક્ષણ મેળવવા ગરમ કપડાં તૈયાર રાખવા પડશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 7 દિવસ સુધી રાજ્યનું વાતાવરણ સૂકું રહેશે. જોકે, તાપમાનમાં વધ ઘટ જોવા મળશે. આગામી 2 દિવસ લઘુતમ તાપમાનમાં સામાન્ય વધારો થશે, પરંતુ ત્યારબાદના 4 દિવસમાં પારો 2 થી 3 ડિગ્રી ઘટી શકે છે. જેના કારણે વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનું જોર વધશે.


અનેક રજૂઆતો છતાં કોઈ નક્કર કામગીરી કરાતી નહતી

# SSGHમાં 'ડોક્ટરો' જ અસુરક્ષિત! હોસ્ટેલ પાસે ગટર ઉભરાતા વિદ્યાર્થિનીએ સાંસદને રસ્તામાં રોક્યા

**ગંદકી** અને દુર્ગંધથી ત્રસ્ત ભાવિ તબીબોની વેદના સાંભળી સાંસદ હેમાંગ જોશી લાલઘૂમ, PIU વિભાગના અધિકારીઓને સ્થળ પર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાની સયાજી હોસ્પિટલ માં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી ફરી એકવાર સામે આવી છે. હોસ્પિટલ પરિસરમાં આવેલી મેડિકલ હોસ્ટેલ પાસે લાંબા સમયથી ઉભરાતી ગટરની સમસ્યાને પગલે, હોસ્પિટલની મુલાકાતે આવેલા વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીને એક મેડિકલ વિદ્યાર્થીનીએ રૂબરૂ મળીને ઉગ્ર રજૂઆત કરી હતી. આ ઘટનાને પગલે સાંસદે જવાબદાર વિભાગને સ્થળ પર જ ખખડાવ્યા હતા.



મળતી માહિતી મુજબ, SSG હોસ્પિટલના મેડિકલ હોસ્ટેલની બહાર ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે. આ દૂષિત પાણીને કારણે આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જે વિદ્યાર્થીઓ પોતે ભવિષ્યના ડોક્ટરો બનવાના છે, તેઓ જ હાલ રોગચાળાના ભય હેઠળ જીવવા મજબૂર બન્યા છે. સ્થાનિકો અને વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં પીઆઈયુ વિભાગ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી.

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશી જ્યારે હોસ્પિટલની મુલાકાતે પહોંચ્યા ત્યારે એક જાગૃત મેડિકલ વિદ્યાર્થીનીએ હિંમત દાખવી તેમને અટકાવ્યા હતા અને ઉભરાતી ગટરની નરકાગાર જેવી સ્થિતિ બતાવી હતી. વિદ્યાર્થીનીની ફરિયાદ સાંભળી સાંસદે તાત્કાલિક અસરથી પીઆઈયુ વિભાગના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. તેમણે કઠોર શબ્દોમાં સૂચના આપતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં સહન કરવામાં આવશે નહીં અને વહેલી તકે આ ગટરની સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે. એસએસજી હોસ્પિટલમાં અવારનવાર સમારકામ અને સ્વચ્છતા મુદ્દે લાલિયાવાડી જોવા મળતી હોય છે. કરોડો રૂપિયાના બજેટ છતાં સામાન્ય ગટર લાઈન રિપેર ન થતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. હવે સાંસદની દરમિયાનગીરી બાદ આ સમસ્યા હલ થાય છે કે કેમ, તેના પર સૌની મીટ મંડાયેલી છે.